# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**********************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત અને ફ્રાન્સના સંબંધો નવા શિખરો પર પહોંચ્યા.

2) દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ નવી દિલ્હીમાં ઇમારત ધરાશાયી થવાની ઘટનાની ન્યાયિક તપાસનો આદેશ આપ્યો.

3) ખાનગીકરણની તમામ અટકળોને ઇસરોએ ફગાવી.

4) જ્વાળામુખી વિસ્ફોટને કારણે ઇન્ડોનેશિયાના આઠ એરપોર્ટ પર કામગીરી સ્થગિત કરાઈ.

5) ફૂટબોલમાં, ભારતે 20 વર્ષમાં પ્રથમ વખત AFC U20 એશિયન કપમાં પ્રવેશ કર્યો.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-PARIS-SWAMINARAYANMANDIR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત અને ફ્રાન્સના સંબંધો નવા શિખરો પર પહોંચ્યા છે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપતિ મેક્રોન સાથે મળીને બંને દેશો એક ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી બનાવી રહ્યા છે. ફ્રાન્સના પેરિસમાં સ્વામિનારાયણ મંદિરના ઉદ્ઘાટન પ્રસંગે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા બોલતા શ્રી મોદીએ કહ્યું કે ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સંરક્ષણથી લઈને અવકાશ અને આબોહવા પરિવર્તન સુધી, બંને દેશો નવી ગતિ અને ઉર્જા સાથે આગળ વધી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી ખાસ છે કારણ કે તે લાંબા સમયથી ચાલતા સાંસ્કૃતિક અને રાજકીય સંબંધોના મજબૂત પાયા પર ટકેલી છે.

(BYTE : PM MODI)

# DELHI-BUILDING-COLLASPE

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ નવી દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં થયેલી ઇમારત ધરાશાયી થવાની ઘટનાની ન્યાયિક તપાસનો આદેશ આપ્યો છે. તેમણે ઇમારતના માલિક સામે એફઆઈઆર નોંધવાનો પણ નિર્દેશ આપ્યો છે.

(BYTE : REKHA GUPTA, CM)

આ દરમિયાન, મોડી રાત્રે બીજો મૃતદેહ મળ્યા બાદ અકસ્માતમાં મૃત્યુઆંક છ થયો છે. સ્થળ પર રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, દિલ્હી પોલીસ કમિશનર અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ના મહાનિર્દેશક સાથે વાત કરીને સ્થળ પર પરિસ્થિતિની સમીક્ષા કરી. શ્રી શાહે કહ્યું કે ઘાયલોને તમામ જરૂરી તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી સહિતના નેતાઓએ આ ઘટનામાં મૃત્યુ પામનારના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# ISRO-CLARIFICATION

ભારતીય અવકાશ સંશોધન સંગઠન - ISRO એ મીડિયા અટકળો અને ખોટી માહિતી અંગે સ્પષ્ટતા જાહેર કરી છે જેમાં ISROનું ખાનગીકરણ થયું હોવાની વાત છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ISRO એ જણાવ્યું હતું કે તેનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીનો હેતુ અવકાશ કાર્યક્રમને સક્ષમ બનાવવાનો છે. સાંભળીએ આ અંગે એક અહેવાલ.....

(BYTE : CHAHAT SINGH)

# GOA-AMIT-SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગોવા પોલીસને પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ ધ્વજ અર્પણ કરશે. આ સન્માન રાજ્ય પોલીસ દળ માટે ગૌરવપૂર્ણ ઉપલબ્ધિ છે. આ અંગે વધુ વિગતો સાંભળીએ એક અહેવાલમાં.....

(V/C- NIKHIL)

# TIGER POACHING ARREST

મધ્યપ્રદેશમાં વન્યજીવોના શિકાર સામે ચાલી રહેલા અભિયાનમાં સ્ટેટ ટાઇગર સ્ટ્રાઈક ફોર્સને મોટી સફળતા મળી છે.

ટીમે શાહડોલના બાયાવરીથી વાઘના શિકારના આરોપી શેરુ પારધીની ધરપકડ કરી છે. કટનીનો રહેવાસી શેરુ પારધી લગભગ દોઢ વર્ષથી ફરાર હતો. તેની પત્ની બિનોરી બાઈની પણ તેની સાથે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી શિકાર માટેના સાધનો જપ્ત કર્યા છે.

મધ્યપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાંથી આ કેસમાં અત્યાર સુધીમાં આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં વાઘનો શિકાર કરતી એક સંગઠિત ગેંગનો ખુલાસો થયો છે. શેરુ પારધી સામે કર્ણાટક અને મહારાષ્ટ્રમાં વન ગુનાઓના અગાઉના કેસ નોંધાયેલા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IRAN - HORMUZ

ઈરાનના ઉચ્ચ સુરક્ષા અધિકારીએ જણાવ્યું છે કે, આગામી દિવસોમાં હોર્મુંઝ સામુદ્રધુની બહાર એક નવો પ્રતિબંધિત ક્ષેત્ર જાહેર કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે ઈરાન સાથે સંકલન વિના આ વિસ્તારમાં પ્રવેશતા કોઈપણ જહાજને ઈરાનની પ્રતિબંધ સૂચિમાં મૂકવામાં આવશે.

સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ (SNSC) ના સચિવ મેજર જનરલ મોહસેન રેઝાઈએ જણાવ્યું હતું કે આ પ્રતિબંધિત ક્ષેત્ર અમેરિકન સેનાની નાકાબંધી રેખાથી શરૂ થશે અને પર્સિયન ખાડીના ભાગો સુધી વિસ્તરશે.

ઈરાનના રાજ્ય મીડિયા અનુસાર, કોઈપણ દિશામાંથી હોર્મુંઝની નજીક આવતા અને પ્રવેશતા જહાજો પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

મેજર જનરલ રેઝાઈએ કહ્યું કે ઈરાને જળમાર્ગ બંધ કરી દીધો ત્યારથી, હોર્મુંઝ સ્ટ્રેટમાંથી શિપિંગમાં ભારે ઘટાડો થયો છે. ઈરાન માટે જરૂરી માલસામાન લઈ જનારા ફક્ત સાતથી આઠ જહાજો હાલમાં સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યા છે, જે અગાઉ સો કરતાં વધુ હતા.

# INDONESIA -VOLCANIC

જ્વાળામુખી વિસ્ફોટને કારણે ઇન્ડોનેશિયાના આઠ એરપોર્ટ પર કામગીરી હંગામી ધોરણે સ્થગિત કરવામાં આવી છે, જેના કારણે દોઢ લાખથી વધુ મુસાફરો ફસાયેલા છે. પરિવહન મંત્રી ડુડી પૂર્વગાંધીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 712 ફ્લાઇટ્સ પ્રભાવિત થઈ છે.

જકાર્તાનાં સોએકાર્નો-હટ્ટા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સૌપ્રથમ જ્વાળામુખીમાંથી રાખ મળી આવ્યા બાદ કામગીરી સ્થગિત કરાઈ હતી. જ્વાળામુખીની રાખ જાવા ઉપર 20 હજાર ફૂટ અને સુમાત્રા તરફ 50 હજાર ફૂટની ઊંચાઈએ પહોંચી હતી. શુક્રવારે મોડી રાત્રે જ્વાળામુખી ફાટવાનું શરૂ થયું, જેના કારણે સતત ભૂકંપીય પ્રવૃત્તિ, લાવાના ફુવારા અને આસપાસના વિસ્તારમાં જોરદાર વિસ્ફોટ થયા.

# MIAMIAIRCARGO

ગઈકાલે અમેરિકાના મિયામી ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે એમેઝોન પ્રાઇમ એરનું કાર્ગો વિમાન રનવે પરથી લપસી ગયું અને ક્રેશ થયું. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા અને પાંચ અન્ય ઘાયલ થયા હતા.

આ વિમાન સાન જુઆન, પ્યુઅર્ટો રિકોથી મિયામી આવ્યું હતું. વિમાન રનવે પરથી લપસી ગયું અને જમીન પર પાર્ક કરેલા અનેક વાહનો સાથે અથડાયું.

ઘાયલ થયેલા લોકોમાંથી ત્રણની હાલત ગંભીર છે. રાહત અને બચાવ કાર્યકરોએ વિમાનના પાઇલટ અને કો-પાઇલટને તેમજ ક્રેશ થયેલા વાહનોમાં ફસાયેલા બે લોકોને બચાવી લીધા. અકસ્માતનું કારણ તપાસ હેઠળ છે.

# OPEC

સાત મુખ્ય OPEC+ દેશો - સાઉદી અરેબિયા, રશિયા, કુવૈત, કઝાકિસ્તાન, અલ્જીરિયા અને ઓમાન - ગઈકાલે વિડીયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી હતી. આ બેઠકમાં વૈશ્વિક તેલ બજારની સ્થિતિ અને સંભાવનાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, આ દેશોએ ઓક્ટોબર માટે તેમની તેલ ઉત્પાદન નીતિમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લીધો.

(BYTE : PRASHANT)

ઓપેક પ્લસની આગામી બેઠક ઓક્ટોબરમાં યોજાવાની અપેક્ષા છે, જ્યાં વૈશ્વિક બજારની સ્થિતિ અને તેલ ઉત્પાદનની સમીક્ષા કરવામાં આવશે.

# INDIA- AFC U-20

ફૂટબોલમાં, ભારતે AFC U-20 એશિયન કપમાં પ્રવેશ કર્યો છે. ગઈકાલે તાશ્કંદમાં અંતિમ ક્વોલિફાઇંગ મેચમાં ભારતે બાંગ્લાદેશને 3-0 થી હરાવીને વીસ વર્ષમાં પ્રથમ વખત ટુર્નામેન્ટમાં પોતાનું સ્થાન બનાવ્યું. ગ્રુપ B મેચની અંતિમ મિનિટમાં ડેની મૈતાઈ લૈશરામે ભારત માટે ગોલ કરીને શરૂઆત કરી. ત્યારબાદ વિશાલ યાદવે 60મી મિનિટે અને મોહમ્મદ અરબાસે 79મી મિનિટે બીજો ગોલ કર્યો.

ભારત અગાઉ 2006 AFC U-20 એશિયન કપમાં રમ્યું હતું. AFC U-20 એશિયન કપ આવતા વર્ષે 24 માર્ચથી 10 એપ્રિલ દરમિયાન ચીનમાં રમાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં વિવિધ સમાચારોને મુખ્ય મથાળામાં સ્થાન અપાયું છે.
- ગુજરાત સમાચારની હેડ લાઇન છે.. સરકાર દેશને વેચી રહી છે, ઇસરોનું ખાનગીકરણ.
- નવગુજરાત સમય લખે છે.. દિલ્હીમાં ઇમારત ધરાશાયી, 5 નાં મોત, 20 થી વધુ દટાયાની આશંકા.
- સંદેશની હેડ લાઇન છે.. ઈરાની ટેંકર્સ પર હુમલો, એક ડૂબ્યું, બેને નુકસાન..
- આ સાથે.. એમપીના સગરમાં ઝેરી દારૂથી 14 ના મોત- 10 દાખલ.. વિશ્વભરના મહાસાગરો ધગધગી  રહ્યા છે- તાપમાન 21.1 ડિગ્રી નોંધાયું.. ઈરાનનો 6 અમેરિકી જહાજ પર હુમલો.. જેવા સમાચારો પણ વાંચવા મળી રહ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં..  અમદાવાદમાં આજથી 4 દિવસ રિક્ષા- ટેક્સી ચાલકોની હડતાળ.. સ્ટેમ્પ અને નોંધણી ફીમાં જુલાઇ સુધીમાં 7 હજાર 589 કરોડની આવક.. આજી ડેમમાં નહાવા પાડેલા 4 બાળકોના ડૂબી જવાથી મોત.. જેવા સમાચારોનો સમાવેશ કરાયો છે.